©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 22nd MAY, 2026/JYAISTHA 01, 1948 [No. 3778

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

[જુઓ નિયમ ૨૬ (૯)]

નગર રચના યોજના નં.૧૨૪/ડી(નરોડા-નિકોલ)

: પ્રારંભિક યોજના :

નં. : ન.ર.યો.નં.૧૨૪/ડી(નરોડા-નિકોલ)/પ્રા.યો./એવોર્ડ/૧૩૫૧.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઇઓ પ્રમાણે તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ(૯) અનુસાર નગર રચના અધિકારી તરીકેના નગર રચના યોજના નં. ૧૨૪/ડી(નરોડા-નિકોલ)ના પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો તા.૧૨-૦૫-૨૦૨૬ ને મંગળવારના રોજ જાહેર કર્યા છે.

સદરહું કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઇઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ(૯) ની જોગવાઇ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો- “ઠ” ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકશ્રીઓને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહું યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તારીખ : ૧૨-૦૫-૨૦૨૬
સ્થળ : અમદાવાદ

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૧
અમદાવાદ નગર રચના યોજના, એકમ-૩
અમદાવાદ

કચેરીનું સરનામુ :

નગર રચના અધિકારી અને નગર નિયોજક-૧,

અમદાવાદ નગર રચના યોજના એકમ-૩ ,

૪૦૭, ત્રીજો માળ, શ્યામજી કૃષ્ણવર્મા રમતગમત સાંસ્કૃતિક અને વાણિજ્ય ભવન,

ન્યુ ક્લોથ માર્કેટની સામે, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૨.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.25 12:58:47 IST